# સરકારી વિભાગો બચતની રકમને આવક તરીકે દર્શાવીને પોતાની પીઠ થાબડે છે : કેગ દ્વારા કરાયેલી ટીકા

(પ્રતિનિધિ) ગાંધીનગર,તા.૨૬

રાજય સરકારના વિવિધ વિભાગોના વાર્ષિક બજેટમાં કરાયેલી જોગવાઈ મુજબની રકમ જો ન ખર્ચાય તો તેને વર્ષના અંતે પરત કરવાની જોગવાઈ છે. આમ છતા રાજય સરકારના સંખ્યાબંધ વિભાગોએ આવી વણપરાયેલી બચતની રકમ સરકારમાં જમા કરાવવાને બદલે પોતાના વિભાગની મહેસુલી આવક દર્શાવવાની ભુલ કરી છે.

જયારે બચત અપેક્ષિત હોય ત્યારે ખર્ચ ભરનાર વિભાગોએ વણપરાયેલ અનુદાન નિનિયોગ અથવા તેના ભાગની નાણા વિભાગને પરત સોંપણી કરવી જોઈએ. આ વણવપરાયેલ સિલકોને સંબંધિત મહેસુલી મુખ્ય સદર ખાતે ખર્ચમાં ઘટાડા તરીકે જમા લેવી જોઈએ. પરંતુ નાણા વિભાગે તેમના ઓકટોબર ૨૦૧૬ના પરિપત્રથી તમામ જાહેર ક્ષેત્રના સાહસોને જે ભંડોળની પ્રાપ્તિના ૧૦ દિવસની અંદર તેને ગુજરાત રાજય નાણાંકીય સેવા લિમિટેડમાં રાખવાનો નિર્દેશ આપ્યો હતો.

આમ છતાં ઓડિટના ધ્યાન પર આવ્યું હતું કે, અગાઉના વર્ષોમાં ૨૦૧૪-૧૫થી ૨૦૧૬-૧૭ મહેસુલી ખર્ચની રૂા.૧૬૦.૮૧ કરોડની વણપવરાયેલી સિલકો શરૂઆતમાં જીએસએફએસમાં મુકવામાં આવી હતી. અને ત્યારબાદ સરકારના હિસાબમાં મહેસુલી આવક તરીકે જમા કરવામાં આવી હતી. આ બાબતે ચાલુ વર્ષે ૨૦૧૭-૧૮ની મહેસુલી આવક્ના એટલા પ્રમાણમાં યોગ્ય નિરૂપણને અસર કરી હતી. જોકે નાણા વિભાગે ઓડિટના અવલકનોનો કોઈ જવાબ આપ્યો ન હતો.એવી જ રીતે ૧૩માં નાણા પંચે રાજયો માટે કેન્દ્રીય કરમાં ૩૨ ટકા હિસ્સાની ભલામણ કરી હતી. તેમાં વધારો કરીને ૪૨ ટકા કરવાની ભલામણ ક્યૌદમના નાણાપંછે કરી હતી. કેન્દ્રીય કર અને સેવા કરની ચોખ્ખી આવકોમાં રાજયનો હિસ્સો અનુક્રમે ૩.૦૮૪ ટકા અને ૩.૧૭૨ ટકા નિર્ધારીત કરવામાં આવ્યો હતો. પાછલા વર્ષની સરખામણી ૨૦૧૭-૧૮માં ૧૦૩૪ ટકા વૃધ્ધિ દર , ૧૪મા નાણાપંચે ૨૦૧૫-૨૦ના સમયગાળા માટે નોંધાવવા સાથે કેન્દ્રીય કરની તબદીલી રૂા.૨૦.૭૮૨ કરોડ થઈ હતી. કુલ કેન્દ્રીય કરની તબદિલી પૈકી સીધા કરવેરાની તબદીલીમાં ૧૪.૬૮ ટકાનો વધારો થયો હતો. આડકતરી વેરાની તબદીલી જેમા ૧ જુલાઈ ૨૦૧૭થી અમલી જી.એસ.ટી. હેઠળ મળેલા ઘટકો સીજીએસટી અને આઈજીએસટીનો સમાવેશ થાય છે તે પાછલા વર્ષની સરખામણીએ ૫.૧૬ ટકા જેટલો ઉંચો આવ્યો હતો. જોકે નાણા વિભાગે તથ્યોનો સ્વીકાર કર્યો હતો.

### આખરે યાસીન ગુલામ બટ્ટ ઝડપાયો

# ૨૦૦૨માં અક્ષરધામ હુમલાનો મુખ્ય સૂત્રધાર અનંતનાગમાંથી પકડાયો

ગાંધીનગર,તા.૨૬

ગાંધીનગરના અક્ષરધામ ખાતે ૨૦૦૨માં થયેલા હુમલાનો માસ્ટર માઈન્ડ યાસીન ગુલામ બટ્ટ ગુજરાત પોલીસની ગિરફતમાં આવી ગયો છે. ગુજરાત એટીએસ દ્વારા કેન્દ્રીય ગુપ્ચર એજન્સીઓની મદદથી આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. અક્ષરધામ આતંકી હુમલાના માસ્ટરમાઈન્ડની કાશ્મીરના અનંતનાગમાંથી ધરપકડ કરવામાં આવી છે. તેને હવાઈ માર્ગે દિલ્હીથી અમદાવાદ લાવવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૨માં ગાંધીનગર ખાતે આવેલા અક્ષરધામ મંદિરમાં મોટો આતંકવાદી હુમલો થયો હતો. આ હુમલાના સંદર્ભે જે-તે સમયે આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ મુખ્ય સુત્રધાર પોલીસના હાથમાં આવ્યો ન હતો. અક્ષરધામ હુમલાના તમામ આરોપીઓને ફાંસી અને આજીવન કેદની સજા કોર્ટ દ્વારા ફટકારવામાં આવી હતી.

હવે, લશ્કરે તોયબાના આ મુખ્ય સુત્રધાર યાસીન ગુલામ બટ્ટ નામના આતંકીને પકડી લેવામાં ગુજરાત પોલીસને મોટી સફળતા પ્રાપ્ત થઈ છે. ગુજરાતના ગૃહરાજય મંત્રી પ્રદીપ સિંહ જાડેજાએ આ અંગે માહિતી આપતા જણાવ્યું કે, ×અક્ષરધામ હુમલાના મુખ્ય આરોપી યાસીન ગુલામ બટ્ટની અનંતનાગ ખાતેથી ધરપકડ કરવામાં આવી છે. તેને દિલ્હીથી હવાઈ માર્ગે અમદાવાદ લાવવામાં આવી રહ્યો છે. એરપોર્ટ પર વિશેષ સુરક્ષા હેઠળ આરોપીને લઈ જવામાં આવશે.×

ગૃહરાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ વધુમાં જણાવ્યું કે, ×ગુજરાત પોલીસ આતંકવાદીઓને પકડી લેવામાં સક્ષમ છે અને અક્ષરધામ હુમલાના મુખ્ય સૂત્રાધારને પકડીને પોતાની કાબેલિયતનો પુરાવો આપ્યો છે. ગુજરાત પોલીસને છેલ્લા ઘણા સમયથી માહિતી મળી હતી કે અક્ષરધામ હુમલાનો આતંકી યાસીન ગુલામ બટ્ટ કાશ્મીરમાં છુપાયેલો છે. આ ગુપ્ત માહિતીના આધારે યાસીન બટ્ટની ગતિવિધીઓ પર વોચ રાખવામાં આવતી હતી. આખરે, કેન્દ્રીય ગુપ્તચર એજન્સીઓની મદદથી તેને પકડી લેવામાં સફળતા મળી છે.×

# સરકારને પ્રાપ્ત થતા દરેક ૧૦૦ રૂપિયા ઉપર ૧૫.૩૭ રૂપિયા વ્યાજ પેટે ચુકવે છે

(પ્રતિનિધિ) ગાંધીનગર,તા.૨૬

રાજય સરકાર દ્વારા વિકાસ યોજનાઓના અમલ માટે કરાતા કરોડો રૂપિયાના દેવા અંગે વિરોધપક્ષ દ્વારા વારંવાર વિરોધ સાથે હોબાળો કરાય છે. જેને યર્થાથ ઠેરવતા જેને ભારતના કન્ટ્રોલર અને ઓડિટર જનરલે પણ યથાર્થ ઠેરવ્યું છે. તેમના રાજયની નાણાંકીય પરિસ્થિતિ અંગેના ઓડિટ અહેવાલમાં એવી ભારોભાર ટીકા કરવામાં આવી છે કે ૧૨માં નાણાપંચ દ્વારા મહેસુલની આવકની સામે વ્યાજની ચૂકવણીનો ગુણોત્તર ૧૫ ટકા સુધી નીચો હોવો જોઈએ. એવી તાકીદ કરાઈ હોવા છતાં ગુજરાતમાં આ ગ્રોથ જળવતો નથી. કેગના કહેવા પ્રમાણે શિસ્તબધ્ધ નાણાંકીય વ્યવસ્થાપનમાં સર્વશ્રેષ્ઠ હોવાનો દાવો કરતી રાજય સરકાર દ્વારા તેને મહેસુલ તરીકે પ્રાપ્ત થતા દરેક એક સો રૂપિયા માટે ૧૫.૩૭ રૂપિયા વ્યાજ પેટે ચુકવવામાં આવે છે.

કેગના અહેવાલમાં એવો ઉલ્લેખ કરાયો છે કે ૨૦૧૫-૧૬માં ગુજરાત સરકારને માથે કુલ રૂા.૨,૦૨,૩૧૩ કરોડની જવાબદારી હતી. જે ૨૦૧૬માં ૨,૪૩,૧૪૬ કરોડની થઈ હતી. જે ૨૦૧૭-૧૮માં આ જવાબદારી વધીને ૨,૫૬,૩૬૬ કરોડ થઈ ગઈ હતી. એટલે સરકારને માથે ૫.૪૪ ટકાના દરે જવાબદારીઓમાં વધારો થયો છે. કેગે એવું પણ નોંધ્યું છે કે, સરકાર જે રકમ વ્યાજે લેશે તેનો સરેરાશ દર ૭.૫૭ ટકા જેટલો છે. જયારે સરકારે જે વ્યાજની ચૂકવણી કરે છે તે દર ૧૫.૩૭ ટકા છે. સરકારને વર્ષ દરમિયાન દેવાથી જે આવક થાય છે. તે વાર્ષિક ૮૧.૧૯૮ કરોડની છે. જયારે સરકાર દેવા પેટે જે પરત ચૂકવણી કરે છે તે ૬૭.૯૩૮ કરોડની હોય છે. આ દેવા પર સરકાર ૧૮.૯૫૪ કરોડ વ્યાજ પેટે ચુકવે છે. એનો અર્થ એ થયો કે સરકાર અગાઉના દેવાની પરત ચૂકવણી પેટે ૬૭.૯૩૮ કરોડનો ખર્ચ કરે છે અને આ કરેલા દેવાના વ્યાજ પેટે ૧૮.૯૫૪ કરોડની ચૂકવણી કરે છે. આમ, સરકાર કુલ ૮૬.૮૯૯ કરોડ આ રીતે ખર્ચી નાંખે છે. જેની સામે સરકારને દેવા પેટે ૮૧.૧૫૮ કરોડ જ મળે છે એટલે કે સરકારને દેવાની આવક સામે કરાતી ચૂકવણીમાં ૫,૭૩૪ કરોડની ઘટ પડે છે.

# ખેડૂતોના ખેત ઓજારોમાં રૂા.૧૦૦૦થી લઈને રૂા.૮૫૦૦૦ સુધીની સહાયમાં વધારો કરતા કૃષિ પ્રધાન ફળદુ

અમદાવાદ,તા.૨૬

ગુજરાત વિધાનસભાગૃહમાં આજે ખેડૂતોને સરકાર સામેના રોષને ઘટાડવા માટે સામાન્ય ખેડૂતો, અનુ.જાતિ. અનુ.જનજાતિ અને મહિલા ખેડૂતો દ્વારા ખરીદાતા ખેત ઓજાર સાધનોમાં ૪ ટકાથી લઈને ૫૬૭ ટકાનો નાણાંકીય સહાયમાં વધારો કરવાની જાહેરાત ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૪૪ હેઠળ કૃષિ પ્રધાન આર.સી.ફળદુએ ગૃહમાં કરી હતી.

આજે વિધાનસભામા ગૃહમાં કૃષિ પ્રધાન આર.સી.ફળદુએ ૧૧૦ જેટલા વિવિધ ખેત ઓજારોની સહાયમાં વધારો કરવાની જાહેરાત કરી હતી. આ ઓજારોમાં સામાન્ય ખેડૂતો સહિત અનુ.જાતિ,અનુ.જનજાતિ અને મહિલા ખેડૂતોને રૂા.૧,૦૦૦થી રૂા.૮૫,૦૦૦ સુધીની સહાયમાં વધારો કરવામાં આવ્યો છે. અર્થાત ૪ ટકાથી લઈ ૫૬૭ ટકાના વધારાની સહાયની જાહેરાત કરી છે.

તેમણે જણાવ્યું હતું કે, કૃષિક્ષેત્રના વિકાસ માટે કૃષિ યાંત્રીકરણ એક ખુબ અગત્યનું પાસુ છે. રાજય ખેડૂતોની માંગને ધ્યાને લઈ રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭થી રાજયના બજેટમાં અલાયદી ખેત ઓજાર/સાધનોની સ્વતંત્ર યોજનાઓ પ્રથમવાર અમલમાં મુકેલ હતી. જયારે ચાલુ વર્ષમાં રાજય સરકાર રૂા.૭,૦૦૦ લાખની બજેટ જોગવાઈ કરેલ છે.

આમ બજેટરી જોગવાઈને અનુસાર ખેડૂતોને મહત્તમ ફાયદો થાય તે માટે ૧૧૦ જેટલા વિવિધ ખેત ઓજારોના સહાયના ધોરણોમાં વધારો કર્યો છે. આવા મહત્વના ખેત ઓજારોમાં પાવર ટીલર, પ્લાઉ, કલ્ટીવેટર, રોટાવેટર, સીડ કમ ફર્ટીલાઈઝર ડ્રીલ, ગ્રાઉન્ડર નટ ડીંગર, થ્રેસર, ચાફ કટરનો સમાવેશ કરાયો છે.

# તાપી જિલ્લામાં ૧૨૮૯.૩૧ લાખ ગ્રાન્ટ ઈન એઈડ તરીકે ફાળવાયા : ઉદ્યોગમંત્રી

ગાંધીનગર,તા. ૨૬

ઉદ્યોગ મંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું છે કે, રેતીની લીઝ પેટે તાપી જિલ્લા પંચાયતમાં ગ્રાન્ટ ઇન એઇડની છેલ્લા બે વર્ષમાં રૂ. ૧૨૮૯.૩૧ કરોડની રકમ ફાળવવામાં આવી છે.તાપી જિલ્લા પંચાયતને ફાળવેલ ગ્રાન્ટ ઇન એઇડ અંગે મંત્રીએ જણાવ્યું કે, તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં રેતીની લીઝ પેટે સરકારે વસૂલ કરે રોયલ્ટીની રકમમાંથી જિલ્લા પંચાયતોને કુલ રૂ.૨૨૪૭૬.૧૯ ગ્રાન્ટ ઇન એઇડ તરીકે ફાળવવામાં આવી છે.જિલ્લા પંચાયતોને ફાળવવામાં આવતી ગ્રાન્ટ ઇન એઇડ અંગે મંત્રીએ જણાવ્યું કે, સંબંધિત જિલ્લામાં રેતીની લીઝમાંથી થતી રોયલ્ટીની આવકમાંથી ૫% વહીવટી ખર્ચ બાદ કરી બાકીની ૫૦ ટકા રકમ જિલ્લા પંચાયત અને ૫૦ ટકા રકમ જે ગામોમાં લીઝ હોય તેને ફાળવવામાં આવે છે. તાપી જિલ્લામાં કુલ ૧૭૧ છે અને છેલ્લા બે વર્ષમાં રૂ.૧૮.૫૯ કરોડ ગ્રાન્ટ ઇન એઇડ તરીકે આપવામાં આવ્યા છે.

# ન થઈ ટેક્ષટાઈલ યુનિવર્સિટી ન થયુ શહેરી હાટ સુરતીઓને ભાજપ સરકારની થપ્પડ

(પ્રતિનિધિ) ગાંધીનગર,તા.૨૬

વચનો આપવામાં શૂરી વર્તમાન રાજય સરકારે ૨૦૧૫માં સુરત ખાતે ટેક્ષટાઈલ ક્ષેત્રમાં કૌશલ્ય વિકાસ માટે સુરતમાં ટેક્ષટાઈલ યુનિવર્સિટી સ્થાપના કરવાનો નિર્ણય કરાયો હતો. જેના માટે રાજય સરકારે યુનિવર્સિટીના બાંધકામ માટે મધ્યવર્તી એજન્સી તરીકે ઈન્ડેક્ષ બીની નિમણૂંક કરવામાં આવી હતી. અને આના સંદર્ભે ઉદ્યોગ અને ખાણવિભાગ દ્વારા ઓગષ્ટ-૨૦૧૫થી માર્ચ ૨૦૧૬ વચ્ચે આના કામ માટે ઈન્ડેક્ષ બીને રૂા.૧૦ કરોડ આપ્યા હતા.

નોંધનીય બાબત એ છે કે ઈન્ડેક્ષ બી દ્વારા યોજના દ્વારા અહેવાલ તૈયાર કરવા અને અન્ય વહીવટી હેતુઓ માટે ૩૦ લાખ રૂા.સપ્ટેમ્બર-૨૦૧૫ અને જુન ૨૦૧૬ વચ્ચે એમ.પાવરને આપ્યા હતા. આમ છતાં ટેક્ષટાઈલ યુનિવર્સિટીનું બાંધકામ જાન્યુઆરી ૨૦૧૯ સુધી શરૂ થવા પામ્યું નથી. અને બાકીના રૂા.૯.૭૦ કરોડ જીએસએફએસમાં રોકવા પડયા હતા. એવી જ રીતે સુરત ખાતે રાજયના કારીગર વર્ગને કાયમી ધોરણે વેચાણની તકો પુરી પાડવા માટે એક શહેરી હાટનું આયોજન કરાયું હતું. આ યોજનામાં કેન્દ્ર સરકાર અને રાજય સરકાર બન્ને દ્વારા નાણશ પુરાપાડવાના હતા. કમિશ્નર કુટિર ઉદ્યોગ ૨૦૧૦-૧૮ દરમિયાન રૂા.૮.૮૬ કરોડ ઈન્ડેક્ષ સીને આપ્યા હતા. અને બાકીના રૂા.૬.૧૬ કરોડની એજ સમયગાળા દરમિયાન એજ સમયગાળામાં સરાકરે પરત કરી હતી.

આ ઉપરાંત વપરાશી પ્રમાણપત્રો ન હોવાથી ભારત સરકારના ટેક્ષટાઈલ મંત્રાલયે ઈન્ડેક્ષ સીને રૂા.૫૨.૫૦ લાખના કેન્દ્રના હિસ્સાની ૧૦ ટકા વ્યાજ સહિત પરત ચૂકવણી કરવાનું જણાવ્યું હતું. આમ છતાં જાન્યુઆરી ૨૦૧૯ની સ્થિતિએ કમિશ્નર કુટિર ઉદ્યોગ દ્વારા ઈન્ડેક્ષ સી પર કોઈ પગલા લેવામાં આવ્યા ન હતા.

# મહેસાણામાં ચાલુ ફરજમાં ટિકટોક વિડીઓ બનાવનાર મહિલા કોન્સ્ટેબલ સસ્પેન્ડ

ગાંધીનગર,તા. ૨૬

મહેસાણામાં એક મહિલા પોલીસ કોન્સ્ટેબલ યુવતી પોલીસ સ્ટેશનમાં જ ટિકટોક વીડિયો બનાવ્યો જે વાયરલ થતા તેને હાલ પુરતી સસ્પેન્ડ કરવામાં આવી છે. આમ તમે કોઈ પોલીસ વિરુદ્ધ દાદાગીરીની, લાંચની, ભ્રષ્ટાચારની, માર મારવાની, કે અન્ય કોઈપણ અરજી/ફરિયાદ આપો અને તમારી ફરિયાદમાં અત્યંત ગંભીર આક્ષેપ હોય તો પણ પ્રાથમિક તપાસ ચાલુ છે, તપાસ ચાલુ છે, તપાસ ચાલુ છે, તપાસ ચાલુ છે, તપાસ ચાલુ છે, તપાસ ચાલુ છે અને છેલ્લે બધું જ બંધ થઈ જાય.. પુર્વ પોલીસ કોન્સ્ટેબલ હોવાના નાતે મને ખબર છે કે પોલીસ વિભાગ (ફકત કાગળ ઉપર) ડીસીપ્લીન ખાતું છે અને બધી જ ડીસીપ્લીન ફકત કોન્સ્ટેબલ થી પીએસઆઈ લેવલ સુધી જ લાગુ પડે છે, વાતે વાતે ડીસીપ્લીનના નામે નીચેના દરજ્જાના પોલીસ સ્ટાફને ટાર્ગેટ બનાવવામાં આવે છે બાકી આમ તો ખુદ પોલીસથી સુરત સિટીના બે વોન્ટેડ પી.આઈ પણ પકડાતા નથી.

ડીસીપ્લીનના નામે કેટલાય પોલીસ કર્મચારીને માનસિક ત્રાસ આપવામાં આવે છે. પણ કોઈ ઉપરી અધિકારીને ગુજરાત પોલીસ ખાતામાં કટ્ટર જ્ઞાતિવાદનો પ્રભાવ નથી દેખાતો...સમગ્ર ગુજરાત પોલીસમાં મલાઈદાર હોદ્દાઓ, પોસ્ટિંગ વગેરેમાં પૈસા કરતા પણ જ્ઞાતિવાદ વધુ અસરકાર છે. પોતાની જ્ઞાતિના ઉપરી અધિકારીઓના નીચે નિમ્ન સ્ટાફ પણ બેફામ બને છે, ગુજરાત સરકારમાં સૌથી વધુ અને સૌથી કટ્ટર જ્ઞાતિવાદ પોલીસ વિભાગમાં, તેમજ એસઆરપીમાં છે, લગભગ દરેક પોલીસ સ્ટેશનમાં જ્ઞાતિ આધારિત જૂથબંધી એકબીજા સામે કટ્ટરતાથી કામ લઈ રહી છે એ કોઈને દેખાતું નથી બસ એક ટિકટોક વીડિયો જ દેખાયો.પોતાની જ્ઞાતિનું સેટિંગ કરીને કોઈ પોલીસવાળો ક્રાઈમબ્રાન્ચમાં, કે એલસીબીમાં કે ડી-સ્ટાફમાં કે અન્ય સારી જગ્યાએ ગોઠવાઈ જાય ત્યાં કોઈને ડીસીપ્લીન નથી નડતી. જે જ્ઞાતિનો અધિકારી આવે એ જ્ઞાતિના વ્યક્તિઓનો પોલીસ સ્ટેશનમાં પાવર વધી જાય તેમજ તોડપાણી વધી જાય ત્યાં ડીસીપ્લીન નથી દેખાતી, બસ માનસિક તણાવયુક્ત પોલીસ સહેજ મન હળવું કરવા માટે એકાદ વીડિયો બનાવી લે તો તો આકાશ તૂટી પડે છે.આમ જોઈએ તો આપણી પોલીસ ઓછા પગારમાં અને સુવિધાઓ વગર જ ૨૪ કલાક કામ કરવાના કારણે અત્યંત માનસિક તણાવમાં જીવે છે. કોન્સ્ટેબ્યુલરી લેવલ સ્ટાફના હજારો પોલીસવાળા અસ્થમા, બ્લડપ્રેશર, માઈગ્રેન, જેવી અનેક બીમારીથી પીડાય છે એવા સમયમાં કોઈ પોલીસવાળાએ પોલીસ સ્ટેશનમાં જ વીડિયો બનાવીને થોડુંક મન હળવું કરી લીધુ તો એમાં શું મોટો ગુનો કરી નાખ્યો?? પોલીસ માનસિક તણાવ દૂર કરી શકે એ માટે પોલીસ સ્ટેશનમાં જ મનોરંજનની વ્યવસ્થા હોવી જોઈએ, કેન્ટીન હોવી જોઈએ, રેસ્ટ રૂમ હોવો જોઈએ, પરંતુ એવી વ્યવસ્થા કરવી તો ઘરે ગઈ ડીસીપ્લીનના નામે એક યુવતીને ભોગ બનાવીને હજારો પોલીસ ઉપર વધુ માનસિક તણાવ પેદા કરવામાં આવ્યો.. ભ્રષ્ટાચાર, લાંચ કે દાદાગીરીમાં કે તોડપાણીમાં જે એક્શન લેવાવા જોઈએ એવા એક્શન એક ટિકટોક વીડિયોમાં લઈને મહેસાણા પોલીસે બોવ મોટું તીર માર્યું છે એ બદલ મહેસાણા પોલીસને અભિનંદન...

# મહિલાઓની સલામતી અને સુરક્ષા માટે રાજય સરકાર સતત પ્રયત્નશીલ : ગૃહ રાજય મંત્રી

ગાંધીનગર,તા. ૨૬

સુરક્ષા સેતુ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ૧.૩૩ લાખથી વધુ મહિલાઓને કરાટેની બેઝિક તાલીમ અને ૨૭ હજારથી વધુ મહિલાઓને એડવાન્સ તાલીમ આપવામાં આવી હોવાનું ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

મહિલાઓને સ્વરક્ષણ માટે મહત્વની સુરક્ષા સેતુ યોજના અંગે ગૃહમાં પૂછવામાં આવેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં ગૃહ રાજ્યમંત્રીએ જણાવ્યું કે, મહિલાઓને સ્વ-રક્ષણ માટે ૧૫ દિવસની કરાટેની બેઝિક તાલીમ અને ૩૦ દિવસની એડવાન્સ તાલીમ આપવામાં આવે છે. એપ્રિલ - ૨૦૧૯ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા ગ્રામ્ય જિલ્લામાં ૬,૮૪૯ મહિલાઓની કરાટેની બેઝિક તાલીમ અને ૩૨૦ મહિલાઓને એડવાન્સ તાલીમ એમ કુલ ૭,૧૬૯ મહિલાઓને સ્વ-રક્ષણ માટે તાલીમ આપવામાં આવી છે.

મહિલાઓની સુરક્ષા અને સલામતી તથા સશક્તિકરણ માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ હોવાનો ઉલ્લેખ કરતા ગૃહ રાજ્ય મંત્રીએ વધુમાં જણાવ્યું કે મહિલાઓમાં સ્વરક્ષણ માટે જાગૃતિ આવે તે માટે જિલ્લા, તાલુકા મથકો તથા અંતરિયાળ વિસ્તારોમાં સુરક્ષા સેતુ રથ ફેરવવામાં આવે છે.

છેલ્લા બે વર્ષમાં રાજ્યના તમામ જિલ્લાઓમાં સુરક્ષા રથ ફેરવીને ૩,૨૦૦ જેટલા મહિલા જાગૃતિના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હોવાનું ગૃહ રાજ્ય મંત્રીએ જણાવ્યું હતું.

### ખરા સમયે જ ફાયર બ્રિગેડના સાધનો ન ચાલ્યા હાઈડ્રોલિક સીડી જ ન ખુલી

# એસીનું કમ્પ્રેશર ફાટતા બિલ્ડીંગનાં પાંચમા માળે ભીષણ આગ : ૧ મહિલાનું મોત ૨ ગંભીર

અમદાવાદ,તા.૨૬

અમદાવાદ શહેરના ગોતા વિસ્તારમાં આવેલા ગણેશ જેનેશિસના ઈ બ્લોકના પાંચમાં માળે ભીષણ આગ લાગતા અનેક લોકો ફસાયા. ઘટનાની જાણ થતા દસથી વધુ ફાયર ફાઈટર અને સ્નોરેકલ ઘટના સ્થળે પહોંચી ગઈ છે.

ગોદરેજ ગાર્ડન સીટી પાસે આવેલા ગણેસ જેનેશિસ રહેણાંક બિલ્ડિંગ આવેલી છે. જયાં એસીનું કમ્પેરશ ફાટતા આગ લાગી હોવાનું મનાય છે. ભીષણ આગના કારણે અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. જેના કારણે લોકોમાં પણ નાસભાગ મચી ગઈ હતી.

આગ પર કાબુ મેળવવા ફાયર બ્રિગેડની ટીમ કામગીરી કરી રહી છે. લોકોને બચાવવા માટે રેસ્ક્યૂ ઓપરેશન ચાલું છે. ફાયરબ્રિગેડના જવાનોએ અત્યાર સુધી ૧૫થી વધારે લોકોને બહાર કાઢ્યા છે પરંતુ હજુ પણ ઘાણા લોકો અંદર ફસાયા છે. ફાયરબ્રિગેડના જવાનોએ લોકોને બચાવા માટે ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ફાયરબ્રિગેડની ટીમો લોકોના ઘરોના કાચ તોડી લોકનો બહાર કાઢી રહ્યાં છે.

આગ આગળ પ્રસરે નહીં તે માટે ફાયરબ્રિગેડ પુરતા પ્રયાસ કરી રહીં છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે શોર્ટસર્કિટ લાગતા આગ લાગી છે. ધૂમાડાના ગોટા દૂર સુધી જોવા મળી છે. ફાયરબ્રિગેડની ટીમે કોઈ જાનહાની થાય નહીં તે માટે સાવચેતીના ભાગરૂપે સમગ્ર બ્લોક ખાલી કરાવ્યો છે.

આ બિલ્ડિંગનાં છઠ્ઠા માળે રહેતા એક રહેવાસીએ અમારી સાથે વાત કરતાં જણાવ્યું કે, 'આ આગ પાંચમા માળે લાગી છે અને હું છઠ્ઠા માળે રહું છું. જેવી મને ખબર પડી કે નીચે આગ લાગી છે તો અમે થોડા લોકો ઉપર નવમા માળે જતા રહ્યાં હતાં. આ આગ ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટને લીધે લાગી હોવાની આશંકા છે. '

અહીંનાં સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે ફાયર વિભાગનાં ગજરાજ વાહન અહીં લાવ્યાં હતા પરંતુ કામ ન હતા કરતા. જો આ કામ કરતું હોત તો આગ બૂઝાવવામાં આટલી વાર લાગી ન હોત. તો બીજી બાજુ ફાયરનાં અધિકારીએ જણાવ્યું હતું કે અમે અહીં આવતા હતા ત્યારે જ તેનું સાયલેન્સર લોક થઇ ગયું હતું. જેથી અત્યારે કામ નથી કરી રહ્યું. કામગીરી દરમિયાન ફાયર બ્રિગેડની સીડી ન ખુલવા અંગે ચીફ ફાયર ઓફિસરે જણાવ્યું કે, ગાડીની આગળ લોકો ઉભા રહી ગયા હોવાથી સેન્સર કામ કરતું બંધ થઈ ગયું હતું. આ કારણે સીડી ખુલી ન હતી.

સુરતની ગોઝારી ઘટના બાદ પણ રાજય સરકારની નિષ્ફળતા ફરી સામે આવી છે. બિલ્ડિંગના રહેવાસી અનુસાર સુરતની ઘટનામાંથી સરકારે કોઇ બોધપાઠ લીધો નથી. બિલ્ડિંગમાં હાજર ફાયર સેફટીના સાધનો કોઇ કામ કરી રહ્યાં નથી. ટેક્નિકલ ખામીના કારણે ફાયરબ્રિગેડની સીડી ખુલી નહીં. આગના કારણે એક મહિલાનું મૃત્યુ થયુ છે.


**LOST MARKSHEET**

My Original Marksheet of 12th Examination Year 2015 Roll No. 1603932 Pass Out From CBSE has Been actually lost.Drashti Agrawal R/o. A-9, Rajratna Society, Pologround, Vadodara - 390 001


# પેરિસમાં ગરમીએ તોડયો ૭ દશકનો રેકોર્ડ : ગરમ હવાઓથી લંડન બેહાલ

પેરિસ,તા.૨૬

પેરિસ, લંડન અને યૂરોપના તમામ વિસ્તારોમાં ભીષણ ગરમીથી અત્યારે લોકો પરેશાન છે. સ્થિતી એ છે કે તાપમાન અહીંયા નવો રેકોર્ડ બનાવી રહ્યું છે અને લુ લોકોને પરેશાન કરી રહી છે. ફ્રાંસમાં તો ગરમીએ છેલ્લા ૭દશકનો રેકોર્ડ તોડી નાંખ્યો છે.જળવાયુ વૈજ્ઞાનિકોએ ચેતવણી આપી કે દુનિયાના ઘણા ભાગોમાં આ સ્થિતી હવે સામાન્ય રીતે હોઈ શકે છે. પરંતુ યૂરોપમાં કે જ્યાં વાતાનુકૂલનનો પ્રયોગ ઓછો જોવા મળી રહ્યો છે ત્યાં લોકો અત્યારે ગરમીથી પરેશાન છે. ત્યારે આવામાં પર્યક સાર્વજનિક ફૂવારાઓ નીચે રાહત પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરી રહ્યા છેતો અધિકારી અને સ્વયંસેવી ભીષણ ગરમીના આ સમયમાં વૃદ્ધો, બીમારો, અને બેઘરોની મદદ કરતા દેખાઈ રહ્યા છે. બ્રિટન અને ફ્રાંસમાં ટ્રેન સેવાઓ રદ્દ કરી દેવામાં આવી છે અને ફ્રેંચ અધિકારીઓએ યાત્રીઓને ઘરમા રહેવા અનુરોધ કર્યો છે.ગરમી અત્યારે યૂરોપમાં રેકોર્ડ તોડી રહી છે.

પેરિસમાં ગઈકાલે તાપમાન ૪૦.૬ ડિગ્રી સેલ્સિયસ જેટલું નોંધાયું છે જે ૧૯૪૭માં નોંધાયેલા ૪૦.૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાનથી વધારે છે. અધિકારીઓએ કહ્યું કે ઉત્તરી આફ્રીકાથી આવી રહેલા ગરમ પવનો પણ તાપમાન વધારી રહ્યા છે. લંડનમાં ૩૯ ડિગ્રી સેલ્સિયસ સુધી તાપમાન પહોંચવાની શક્યતા છે.જર્મની નેધરલેન્ડ્સ, લક્ઝમબર્ગ અને સ્વિટઝર્લેન્ડમાં પારો ૪૦ ડિગ્રી સેલ્સિયસની પાર જઈ શકે છે. બેલ્જિયમમાં પણ તાપમાન રેકોર્ડ તોડી રહ્યું છે. અહીંયા મિટિયોરોલોજિકલ ઈન્સ્ટીટ્યૂટમાં મુખ્ય પૂર્વાનુમાનકર્તા ડેવિડ ડેહેનાવુએ ગુરુવારના રોજ પૂર્વી શહેર લેગેમાં એક દિવસ પહેલા અધિકતમ તાપમાન ૪૦.૨ ડિગ્રી સેલ્લિયસ નોંધવામાં આવ્યું છે.

# ૧૯ બોર્ડ-નિગમોનું એકત્રિત નુકસાન સરકાર ડિવિડન્ડ નીતિ ઘડે- કેગની સરકારને સલાહ

(પ્રતિનિધિ) ગાંધીનગર,તા.૨૬

ગુજરાત સરકાર હસ્તક કુલ ૭૩ જેટલા બોર્ડ નિગમમાંથી ૫૦ જેટલા બોર્ડ નિગમોએ રૂા.૫૧૧૩ કરોડનો નફો કર્યો હતો. જયારે અન્યા ૧૭ જેટલા બોર્ડ નિગમોએ ૩૮૧૩,૯૩ કરોડનરી ખોટ કરી હતી. બાકીના ૪ બોર્ડ નિગમોમાં નફો કે નુકસાન કાંઈ થયું નથી. નફો કરતા બોર્ડ-નિગમો તરફથી સરકારને સાવા સામાન્ય વળતર મળ્યું હતું.કેગ દ્વારા જાહેર કરાયેલા રાજયની નાણાંકીય પરિસ્થિતિ અંગેના ઓડિટ અહેવાલમાં નોંધાયું છે ક, ગુજરાત સરકારના ૧૯ જેટલા અબજો રૂપિયાની ખોટ કરતા બોર્ડ નિગમોમાં મુખ્યત્વે ગુજરાત રાજય પેટ્રોલીયમ નિગમ લિમિટેડ રૂા.૧૫૬૪ કરોડ, સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ રૂા.૧૦૭૫ કરોડ, ભાવનગર એનર્જી કંપની લિમિટેડ રૂા.૬૧૭ કરોડ, ગુજરાત રાજય માર્ગ પરિવહન નિગમ રૂા.૨૬૪ કરોડ અને ગુજરાત વોટર ઈન્ફાસ્ટ્રકચર લિમિટેડ રૂા.૧૩૭ કરોડનો સમાવેશ થાય છે. અહી નોંધનીય છે કે ગુજરાત સરકારના જે ૫૦ નિગમોએ નફો કર્યો હતો. તેણે ગુજરાત સરકારને માત્ર ૯૭ કરોડ ડિવિડિન્ટ પેટે ચુકવ્યા હતા. જે આ બોર્ડ નિગમોમાં સરકાર દ્વારા રોકાયેલા અબજો રૂપિયાના મુડી રોકાણ સામે માત્ર ૧.૯૧ ટકા જેટલું હતું.રાજય સરકાર હસ્તકના આ ૭૩ જેટલા બોર્ડ નિગમોમાં રાજય સરકાર દ્વારા ૧,૫૬,૬૧૬ કરોડ રૂા.નું મૂડી રોકાણ કરવમાં આવ્યું છે. ગત વર્ષ ૨૦૧૩-૧૪માં આ બોર્ડ નિગમોમાં સરકાર દ્વારા ૧,૧૦,૩૧૯ કરોડનું મૂડી રોકાણ કરાયું હતું. અને તેની સામે સરકારને માત્ર ૪.૯ ટકા તથા ૬.૮૨ ટકાની વચ્ચે વળતર મળ્યું હતું.


INEOS STYROLUTION

Driving Success. Together.

**INEOS STYROLUTION INDIA LIMITED**

**Registered Office :** 5th Floor, OHM House II, OHM Business Park, Subhanpura, Vadodara - 390023, Gujarat.

**CIN:** L25200GJ1973PLC002436

**Tel. No. :** +91 265 2303201 **Fax No :** +91 265 2303203

**E mail :** INSTY.secshare@ineos.com **Website :** www.ineosstyrolutionindia.com

**NOTICE**

In compliance with provisions of Regulation 47, read with Regulation 29, of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulations, 2015, notice is hereby given that a meeting of Board of Directors of the Company will be held on **August 07, 2019,** to, inter alia, approve the Unaudited Financial Results of the Company for the first quarter ended on June 30, 2019.

The said notice is also available on the website of the Company at www.ineosstyrolutionindia.com as well as on the websites of Stock Exchanges at www.bseindia.com and www.nseindia.com, where the equity shares of the Company are listed.

By order of the Board

**For INEOS Styrolution India Limited**

Sd/-

**Abhijaat Sinha**

Head - Legal & Company Secretary

**Date : July 27, 2019**

**Place : Vadodara**